માતર વિધાનસભામાં 12 હજારથી વધુ મતદારોના નામ બાકાત કરતાં કલેક્ટરને રજૂઆત

ખેડા જિલ્લામાં મતદાર યાદીમાંથી લઘુમતી સમાજના જ હજારો નામો કમી કરાતા રોષ

ત્રાહિત વ્યક્તિઓના ઈશારે તંત્રએ કાર્યવાહી કરી હોવાનો ગંભીર આક્ષેપ

(પ્રતિનિધિ) નડિયાદ તા.6

ખેડા જિલ્લામાં મતદાર યાદી સુધારણા પ્રક્રિયા બાદ પ્રસિદ્ધ થયેલી આખરી યાદીમાં લઘુમતી સમાજના હજારો મતદારોના નામ કોઈપણ પૂર્વ જાણકારી વગર કાઢી નાખવામાં આવતા મોટો વિવાદ ઊભો થયો છે. ખાસ કરીને માતર વિધાનસભા હેઠળના ગામોમાં વ્યવસ્થિત ષડયંત્રના ભાગરૂપે મતાધિકાર પર તરાપ મારવામાં આવી હોવાના આક્ષેપ સાથે મુસ્લિમ સમાજના અગ્રણીઓએ કલેક્ટરને રજૂઆત કરી છે.

ખેડા જિલ્લાના સામાજિક કાર્યકરોએ જણાવ્યું હતું કે, સરની કામગીરી બાદ 5મી ફેબ્રુઆરીએ પ્રસિદ્ધ થયેલી વિગતો ચોંકાવનારી છે. માતર વિધાનસભાના વિવિધ વિસ્તારોમાં અંદાજે 12,500 જેટલા મતો કાઢી નાખવામાં આવ્યા છે, જેમાં રતનપુર ગામમાં 1400, સંધારણામાં 600 અને મેલેજમાં 900 જેટલા મતોનો સમાવેશ થાય છે. આ પ્રક્રિયામાં સૌથી ગંભીર બાબત એ છે કે જે લોકો વર્ષોથી ત્યાં રહે છે અને જેમના પરિવારના સભ્યો પંચાયતના પ્રતિનિધિઓ છે, તેમના નામ પણ યાદીમાંથી ગાયબ છે. રતનપુર ગામના 506 મતદારો સામે ફોર્મ નંબર 7 ભરીને વાંધા રજૂ કરનારા વ્યક્તિઓ તે ગામના નથી, પરંતુ સોખડા, રઘુ, સાયલા અને બામણગામ જેવા અન્ય ગામોના રહેવાસી છે. તંત્રએ કોઈપણ પ્રકારની ચકાસણી કર્યા વગર આ ત્રાહિત વ્યક્તિઓની અરજી પર કાર્યવાહી કરી હજારો લોકોના નામ કમી કર્યા હોવાનો આક્ષેપ છે., વર્ષ ૨૦૦૨થી નોંધાયેલા કાયદેસરના મતદારોના નામ પણ ઓનલાઈન પોર્ટલનો દુરુપયોગ કરીને કાઢી નાખવામાં આવ્યા છે.

ચૂંટાયેલા પ્રતિનિધિઓના પરિવાર પણ બાકાત

વહીવટી તંત્રની શંકાસ્પદ કામગીરીને કારણે માતરના પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ અયુબખાન પઠાણના બૂથમાં જ 317 નામો કમી થયા છે. આ ઉપરાંત વર્તમાન અને પૂર્વ સરપંચોના પરિવારના નામ પણ યાદીમાં નથી. આ સમગ્ર પ્રક્રિયા કોઈ રાજકીય ઈશારે થઈ હોવાની શંકા વ્યક્ત કરી આગામી દિવસોમાં હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટ સુધી લડત આપવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

ખેડાને સીએમએ આપી 348 કરોડના વિકાસકાર્યોની ભેટ

વીર ભાથીજી મહારાજના દર્શન કરી મુખ્યમંત્રી દ્વારા 31 વિકાસ કામોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યાં

(પ્રતિનિધિ) નડિયાદ તા.6

ખેડા જિલ્લાના ફાગવેલ ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે વીર ભાથીજી મહારાજના દર્શન કરી જિલ્લાના સર્વાંગી વિકાસ માટે 348 કરોડના 31 વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું છે. આ પ્રસંગે તેમણે નવરચિત ફાગવેલ તાલુકાનો વિધિવત વહીવટી પ્રારંભ કરાવી જનસુવિધામાં વધારો કરવાની નેમ વ્યક્ત કરી હતી.

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે કુલ 31 વિકાસ કામોની ભેટ આપી છે, જેમાં 234 કરોડના ખર્ચે 13 લોકાર્પણ અને 113 કરોડના ખર્ચે 18 ખાતમુહૂર્તનો સમાવેશ થાય છે. આ કામો મુખ્યત્વે પાણી પુરવઠા, આરોગ્ય અને માર્ગ-મકાન વિભાગ સાથે સંકળાયેલા છે. આ ઉપરાંત ફાગવેલ તાલુકાની રચનાથી આસપાસના 169 ચોરસ કિલોમીટર વિસ્તારના નાગરિકોની વહીવટી મુશ્કેલીઓ હવે દૂર થશે. મુખ્યમંત્રીએ આગામી એક જ વર્ષમાં અત્યાધુનિક તાલુકા સેવા સદન તૈયાર કરવાની જાહેરાત કરી છે અને તેના માટે જમીન ફાળવણીનો હુકમ પણ સુપ્રત કર્યો છે. 'મુખ્યમંત્રી ગ્રામોત્થાન યોજના' અંતર્ગત 114 ગામોમાં શહેર જેવી જ સુવિધાઓ પૂરી પાડવાની પ્રતિબદ્ધતા પણ આ કાર્યક્રમમાં વ્યક્ત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મંત્રીમંડળના સભ્યો, ઉચ્ચ અધિકારીઓ અને મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

શિક્ષણ વિદ્યાર્થી-શિક્ષક કેન્દ્રીત હોવું જોઈએ : નિલેશ દેસાઈ

ચારૂસેટ કેમ્પસના 26મા સ્થાપના દિનની ભવ્ય ઉજવણી કરાઈ

(પ્રતિનિધિ) આણંદ તા.6

ચાંગા સ્થિત ચારૂસેટ કેમ્પસનો 26મો સ્થાપના દિન હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવ્યો હતો. આ સમારંભમાં મુખ્ય અતિથિ પદે ઉપસ્થિત રહેલા સ્પેસ એપ્લીકેશન સેન્ટર અમદાવાદના ડાયરેક્ટર નિલેશ દેસાઈએ શિક્ષણમાં ટેકનોલોજીની સાથે માનવીય મૂલ્યોના સમન્વય પર ભાર મૂક્યો હતો.

આ કાર્યક્રમ દરમિયાન સંબોધન કરતા નિલેશ દેસાઈએ જણાવ્યું હતું કે, શિક્ષણમાં ટેકનોલોજી અનિવાર્ય છે, પરંતુ તે વિદ્યાર્થી અને શિક્ષક કેન્દ્રીત હોવું જોઈએ. આ માટે આપણે ફરી ગુરુ-શિષ્ય પરંપરા તરફ વળવું પડશે. જેમાં રિસર્ચ અને ઈનોવેશન પાયામાં હોય. તેમણે વધુમાં ઉમેર્યું કે ગુજરાત જ્યારે સેમી કંડક્ટર હબ બનવા જઈ રહ્યું છે, ત્યારે વિદ્યાર્થીઓએ સ્કીલ ડેવલપમેન્ટ કેળવવું અત્યંત જરૂરી છે.

આ અવસરે સંસ્થાના વિકાસમાં માતબર પ્રદાન બદલ અને સંશોધન ક્ષેત્રે સિદ્ધિઓ મેળવનાર ફેકલ્ટી તથા સ્ટાફને વિવિધ એવોર્ડ્સથી નવાજવામાં આવ્યા હતા. જેમાં ચારૂસેટ રિસર્ચ એપ્રીશિએશન એવોર્ડ્સ, રિસર્ચ પ્રોજેક્ટ એવોર્ડ્સ અને 20થી 25 વર્ષનું યોગદાન આપનાર સભ્યોને એન્ડ્યુરિંગ કમિટમેન્ટ એવોર્ડ્સ એનાયત કરાયા હતા. નોંધનીય છે કે, ગુજરાતમાં ડિજિટલ પેપરલેસ પરીક્ષા સિસ્ટમની પહેલ કરવા બદલ પ્રોવોસ્ટ ડો. અતુલ પટેલનું વિશેષ સન્માન કરાયું હતું.

આ પ્રસંગે ચારૂસેટ અને કેળવણી મંડળના પ્રમુખ સુરેન્દ્રભાઈ પટેલે સંસ્થાના 26 વર્ષના સફરના પાયામાં રહેલા સૂત્રધારો અને દાતાઓના સહયોગને બિરદાવ્યો હતો અને ચારૂસેટને સફળતાના વધુ શિખરો સર કરવા અપીલ કરી હતી.

પેટલાદમાં આંકડાનો જુગાર રમાડતા 5 શખસ પકડાયાં

આણંદ એલસીબીની ટીમે ખતીફ વાડા પાસે દરોડો પાડ્યો

(પ્રતિનિધિ) પેટલાદ તા.6

પેટલાદના ખતીફ વાડા વિસ્તારમાં ચાલતા આંકડાના જુગાર પર આણંદ એલસીબીએ ત્રાટકીને પાંચ ઈસમોને રંગેહાથ ઝડપી પાડ્યા છે. પોલીસની આ કાર્યવાહીમાં રોકડ અને જુગારનું સાહિત્ય મળી કુલ રૂ. 21,550નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે અને આ અંગે પેટલાદ ટાઉન પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો છે.

આણંદ લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે પેટલાદના ખતીફ વાડા સામે આવેલ જૂના મકાન આગળની ખુલ્લી જગ્યામાં વરલી મટકાનો જુગાર રમાઈ રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે દરોડો પાડતા સ્થળ પરથી પાંચ શખ્સોને આંક ફરકનો જુગાર રમતા ઝડપી લીધા હતા. આ શખસોની પુછપરછ કરતાં તે આદિલ મોહતરમ પઠાણ, ઈસ્ફાનુદ્દીન નાજીમુદ્દીન કાજી, રફીકઉદ્દીન શાજીઉદ્દીન શેખ, ઈરફાનુદ્દીન મૈયુદ્દીન શેખ, વિરલ અરવિંદભાઈ રાણા હોવાનું જણાવ્યું હતું.

આ તમામ પાસેથી પોલીસે સ્લિપબુક, પેન, કાર્બન પેપર અને આંકડા લખેલી ચિઠ્ઠીઓ સહિત કુલ રૂ. 21,550નો મુદ્દામાલ કબજે કર્યો છે. એલસીબીએ આ મામલે ફરિયાદ નોંધાવતા પેટલાદ ટાઉન પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ દરોડામાં જુગારીઓમાં ફફડાટ ફેલાયો હતો.

તારાપુરમાં મહિલાની જમીન માથાભારે શખસે પચાવી પાડી

પતિના મિત્રએ જ વિશ્વાસઘાત કરી જમીનનો કબ્જો ખાલી ન કરતા પોલીસે ગુનો નોંધ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.5

આણંદના તારાપુરમાં વિધવા મહિલાની સીમજમીન પર ગેરકાયદેસર કબ્જો જમાવનાર શખ્સ સામે આણંદ લેન્ડ ગ્રેબિંગ કમિટીના હુકમ બાદ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. પતિના અવસાન અને કોરોનાકાળમાં દેખરેખ માટે આપેલી જમીન પરત ન સોંપી વિશ્વાસઘાત કરનાર હિતેશ વાસુદેવ પટેલ વિરુદ્ધ તારાપુર પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

આણંદમાં રહેતા પૂર્વીકાબેન અનંતકુમાર પટેલની તારાપુર સર્વે નં. 2953 (ખાતા નં. 2721) વાળી સીમજમીન આવેલી છે. વર્ષ 2019માં પતિના અવસાન બાદ અને કોરોનાની મહામારીને કારણે પૂર્વીકાબેન માટે ખેતીકામ અર્થે તારાપુર જવું મુશ્કેલ બન્યું હતું. આ પરિસ્થિતિમાં તેમણે વિશ્વાસ રાખીને તેમના પતિના મિત્ર હિતેશભાઈ વાસુદેવભાઈ પટેલ (રહે. રૂણજ) ને જમીનની દેખરેખ રાખવા માટે સોંપી હતી.

જ્યારે પૂર્વીકાબેનનો પુત્ર વર્ષ 2023માં પુખ્ત વયનો થતા તેમણે હિતેશભાઈ પાસે જમીનનો કબ્જો પરત માંગ્યો હતો. તે સમયે હિતેશભાઈએ ખેતરમાં રહેલો ડાંગર અને ઘઉંનો પાક લીધા બાદ જમીન સોંપવાની ખાતરી આપી હતી, પરંતુ ત્યારબાદ જમીન ખાલી કરવા બાબતે ઠાગાઠૈયા કરી ગેરકાયદે કબ્જો ચાલુ રાખ્યો હતો. આ મામલે પૂર્વીકાબેને આણંદ કલેક્ટર સમક્ષ લેન્ડ ગ્રેબિંગ હેઠળ અરજી કરી હતી. જે અરજી અન્વયે તપાસ બાદ લેન્ડ ગ્રેબિંગ કમિટી દ્વારા આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધવાનો હુકમ કરવામાં આવ્યો હતો. આ હુકમના આધારે તારાપુર પોલીસે હિતેશ વાસુદેવ પટેલ સામે ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) કાયદા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આણંદ જિલ્લામાં લેન્ડગ્રેબીંગના વધી રહેલા કિસ્સાથી મિલકધારકોમાં ચિંતાની લાગણી જન્મી છે.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

આણંદના મોગરમાં સ્કાઉટ-ગાઈડના બાળકો દ્વારા કેન્સર જાગૃતિ વોકાથોન યોજાઈ

આણંદ | આણંદના મોગર પે સેન્ટર પ્રાથમિક શાળાના પીએમ સ્કાઉટ અને ગાઈડના બાળકો દ્વારા વ્યસન મુક્તિ અને કેન્સર જાગૃતિ માટે વોકાથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકોએ ગામની દુકાનોએ ફરીને તેમજ વાહનચાલકો અને મુસાફરોને મળીને કેન્સરને રોકવાના ઉપાયો અને વ્યસનના ગેરફાયદા વિશે ઊંડાણપૂર્વક સમજ આપી હતી. આ સમગ્ર કાર્યક્રમ શાળાના આચાર્ય આર. એફ. વાઘેલા અને સ્કાઉટ માસ્ટર શૈલેષકુમાર સોલંકીના સફળ માર્ગદર્શન હેઠળ સંપન્ન થયો હતો. નાના બાળકોએ સમાજને વ્યસનમુક્ત થવા માટે આપેલી શિખામણ અને જનજાગૃતિ ફેલાવવાની આ કામગીરીની ગ્રામજનો દ્વારા પ્રશંસા કરવામાં આવી હતી.

કપડવંજમાં સહયોગ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રક્તદાન કેમ્પમાં 125 યુનિટ રક્ત એકત્રિત

કપડવંજ | કપડવંજ ખાતે સહયોગ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા માનવ સેવાના હેતુથી રક્તદાન કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ૨. આ કેમ્પમાં શહેર અને આસપાસના વિસ્તારના યુવાનોએ ઉત્સાહપૂર્વક ભાગ લેતા કુલ 125 બોટલ રક્ત એકત્રિત થયું હતું. આ રક્તદાનને 'મહાદાન' ગણાવી ટ્રસ્ટ દ્વારા તમામ રક્તદાતાઓને પ્રમાણપત્ર અને આભારપત્ર આપી સન્માનિત કરાયા હતા. ડોક્ટરો અને સ્વયંસેવકોના સહયોગથી યોજાયેલ આ સેવા કાર્યને લઈ સ્થાનિક નાગરિકોમાં ગૌરવ અને આનંદની લાગણી જોવા મળી હતી.

બોરસદના વસણામાં રાષ્ટ્રીય મતદાર દિવસની ભવ્ય ઉજવણી નિમિત્તે પદયાત્રા યોજાઈ

બોરસદ | બોરસદના વસણામાં ઉત્તરબુનિયાદી વિદ્યાલય ખાતે 'મેરા યુવા ભારત' દ્વારા રાષ્ટ્રીય મતદાર દિવસ નિમિત્તે જનજાગૃતિ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે અંદાજે 200 જેટલા યુવાનોએ પદયાત્રા યોજી "MYBharat, My Vote" ના નારા સાથે મતદાનના મહત્વનો સંદેશ ફેલાવ્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત તમામ યુવાઓએ અચૂક મતદાન કરવા માટેના શપથ અને પ્રતિજ્ઞા લીધી હતી. અંતમાં, પ્રથમ વખત મતદાન કરનાર યુવા મતદારોને પ્રોત્સાહિત કરવા માટે ટ્રોફી અને પ્રમાણપત્ર આપી વિશેષ સન્માનિત કરાયા હતા.

કરમસદ સ્થિત ભાઈકાકા યુનિવર્સિટીની નર્સિંગ કોલેજ દ્વારા 'એલ્યુમિનિ મીટ'નું આયોજન કરાયું

આણંદ | ભાઈકાકા યુનિવર્સિટીની નર્સિંગ કોલેજ દ્વારા એલ્યુમિનિ મીટ યોજાઈ, જેમાં 1980ની પ્રથમ બેચથી અત્યાર સુધીના દેશ-વિદેશના 124 વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું ઉદઘાટન ભૂતપૂર્વ પ્રિન્સિપાલ કે.એસ. મસુરકર અને પ્રોવોસ્ટ ડો. અભય ધરમસી સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હાજર મહાનુભાવોએ એલ્યુમિનિના યોગદાનની પ્રશંસા કરી તેમની વ્યાવસાયિક પ્રતિબદ્ધતા અને સમાજસેવાના મહત્વ પર વિશેષ ભાર મૂક્યો હતો. આ કાર્યક્રમના અંતે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીના વિકાસ માટે ગેસ્ટ લેક્ચર અને મેન્ટરશીપ જેવી સેવાઓ આપવાની ખાતરી ઉચ્ચારી હતી.

એન.એસ. પટેલ આર્ટસ કોલેજમાં ડો.શ્યામા પ્રસાદ મુખર્જીની જન્મ જયંતીની ઉજવણી કરાઇ

આણંદ | ભારત સરકારના સંસ્કૃતિક મંત્રાલય, એન.એસ. પટેલ આર્ટસ કોલેજ અને વિઝન ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે ડો. શ્યામા પ્રસાદ મુખર્જીની ૧૨૫મી જન્મ જયંતી નિમિત્તે પ્રદર્શની અને ફિલ્મ શોનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનું ઉદ્ઘાટન ડો. ભીખુભાઈ પટેલ, ડો.મોહનભાઈ પટેલ અને અન્ય મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શની અને ફિલ્મ શો દ્વારા નવી પેઢી ડો. મુખર્જી જેવી વિભૂતિઓને જાણે, સમજે અને રાષ્ટ્ર સેવા માટે કટિબદ્ધ થાય તેવી પ્રેરણા પૂરી પાડવામાં આવી રહી છે.

કપડવંજમાં ધોરણ 4ના વિદ્યાર્થી વિવાન દેસાઈએ તબલા વાદનથી સૌને મંત્રમુગ્ધ કર્યા

કપડવંજ | કપડવંજના કીર્તન પરીખના દોહિત્ર અને ભરૂચની એમિટી સીબીએસસી સ્કૂલના ધોરણ 4માં અભ્યાસ કરતા વિવાન દેસાઈએ તબલા વાદન ક્ષેત્રે અપ્રતિમ સિદ્ધિ હાંસલ કરી છે. તેણે શાળાના પ્રાર્થના ખંડમાં 'દ્વારિકાનો નાથ મારો રાજા રણછોડ છે' ભજનની લય પર મંત્રમુગ્ધ કરી દે તેવું પ્રદર્શન કરી સૌની દાદ મેળવી હતી. વિવાનની આ સફળતામાં તેના કલા ગુરુ યોગેશ ટેલર, માતા રુચિબેન અને શાળાના શિક્ષકોનો પ્રશંસનીય સહયોગ રહ્યો છે. શાળાના આચાર્ય અને કેમ્પસ ડિરેક્ટર સહિત સમગ્ર સ્ટાફે વિવાનને આ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવી ઉજ્જવળ પ્રગતિની શુભેચ્છાઓ આપી હતી.

જ્ઞાનયજ્ઞ વિદ્યાલયમાં બોર્ડના વિદ્યાર્થીઓ માટે દીક્ષાંત સમારોહ અને મહાપૂજા યોજાઈ

આણંદ | અનુપમ મિશન પ્રેરિત જ્ઞાનયજ્ઞ વિદ્યાલયમાં ધોરણ 10 અને 12ના 150થી વધુ વિદ્યાર્થીઓ માટે આગામી પરીક્ષામાં સફળતા અને ઉજ્જવળ કારકિર્દીના હેતુથી ભવ્ય સમૂહ મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે યોગી વિદ્યાપીઠના કુલગુરુ ડો. રતિકાકા અને સંતોએ છાત્રોને કુસંગ-વ્યસન મુક્ત પ્રામાણિક જીવન જીવવા તથા ભગવાન પર શ્રદ્ધા રાખી સખત પુરુષાર્થ દ્વારા શ્રેષ્ઠ પરિણામ મેળવવા આશીર્વાદ આપ્યા હતા. જ્યારે વિદ્યાર્થીઓએ કૃતજ્ઞતા સાથે શાળાકાળના સંસ્મરણો તાજા કર્યા હતા. આ કાર્યક્રમના અંતે તમામ વિદ્યાર્થીઓને સંતભગવંત સાહેબદાદા દ્વારા લિખિત આશીર્વાદપત્ર અને સ્મૃતિભેટ અર્પણ કરી પરીક્ષા માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

સરદાર પટેલ યુનિવર્સિટીમાં વાણી સ્વતંત્રતા અને તેના જોખમો અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

આણંદ | સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક કાયદા શાસ્ત્ર વિભાગ, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, આણંદ અને વિનાયકા ઇન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગના સંયુક્ત ઉપક્રમે "ક્લિક, પોસ્ટ, સ્પીક: ફ્રી સ્પીચ ઇન ધ ડિજિટલ એજ" વિષય પર કાયદા સુરક્ષા જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય વક્તા જી.ડી. પડીયાએ ભારતીય સંવિધાનના આર્ટિકલ 19 હેઠળ વાણી સ્વતંત્રતા અને સોશિયલ મીડિયા પર વિડિયો વાયરલ કરવાથી વ્યક્તિગત ગોપનીયતા તથા માનસિક સ્વાસ્થ્ય પર થતી ગંભીર અસરો વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં સાયબર ક્રાઈમ, આઈ.ટી. એક્ટ અને સોશિયલ મીડિયા પર પોસ્ટ લાઈક કે શેર કરવાથી ઊભી થતી ગુનાહિત જવાબદારીઓ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા.

નિરમાલી હાઇટેક શાળાના 90 બાળકોને સરકાર દ્વારા નિશુલ્ક ચશ્મા એનાયત કરાયાં

કપડવંજ | રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત કપડવંજ તાલુકાની નિરમાલી હાઇટેક પ્રાથમિક શાળાના બાળકો માટે વિશેષ આરોગ્ય અને આંખોની તપાસનો કાર્યક્રમ યોજાયો હતો. જિલ્લા અને તાલુકા આરોગ્ય અધિકારીઓના માર્ગદર્શન હેઠળ RBSK ટીમ દ્વારા શાળાના બાળકોના સ્વાસ્થ્યની ચકાસણી કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન આંખની તકલીફ જણાયેલા 90 બાળકોને ગુજરાત સરકાર દ્વારા વિનામૂલ્યે ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું છે.

પદ્મશ્રી ડો. પ્રવીણ દરજીને ગુજરાત સાહિત્ય અકાદમીનો પ્રતિષ્ઠિત 'સાહિત્ય ગૌરવ પુરસ્કાર' જાહેર

લુણાવાડા | ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા 'નિબંધ પુરુષ' તરીકે જાણીતા પદ્મશ્રી ડો.પ્રવીણ દરજીની વર્ષના સર્વોચ્ચ 'સાહિત્ય ગૌરવ પુરસ્કાર' માટે પસંદગી કરવામાં આવી છે. મહીસાગરને પોતાની કર્મભૂમિ બનાવનાર ડો. પ્રવિણ દરજીએ કવિતા, વિવેચન અને સંશોધન ક્ષેત્રે 155થી વધુ પુસ્તકોનું સર્જન કર્યું છે, જે વિવિધ યુનિવર્સિટીઓના અભ્યાસક્રમમાં પણ સામેલ છે. તેઓ અગાઉ ભારત સરકાર દ્વારા પદ્મશ્રી (2011) ઉપરાંત રણજિતરામ સુવર્ણચંદ્રક, નર્મદચંદ્રક અને ગુજરાત રત્ન ગૌરવ એવોર્ડ જેવા અનેક સન્માનો પ્રાપ્ત કર્યાં છે.

પી. એમ. પટેલ કોલેજ ખાતે અખંડ 'આનંદનો ગરબો' અને ધૂનનો ભક્તિમય કાર્યક્રમ યોજાયો

આણંદ | આણંદ પીપલ્સ મેડિકેર સોસાયટી દ્વારા સંચાલિત પી. એમ. પટેલ કોલેજ કેમ્પસમાં બહુચર માતાનો આનંદનો ગરબો અને સતત છ કલાકની અખંડ ધૂનનો કાર્યક્રમ યોજાયો હતો. ત્રિલોકભાઈ પટેલના નેતૃત્વ હેઠળ વિવિધ મહિલા મંડળોના 11 ગ્રૂપોએ વિશેષ ભક્તિભાવ સાથે ગરબા ગાઈને સમગ્ર વાતાવરણને ભક્તિમય બનાવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના સ્થાપક પ્રમુખ બિપીનચંદ્ર પી. પટેલ (વકીલ), સીઇઓ ડો. પાર્થ પટેલ અને સેક્રેટરી ડો. ઈશિતાબેન પટેલ સહિતના અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com